ગાંધીનગર સમાચાર



## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

નજર કરૂં ત્યાં નારાયણ ને,હાથ ધરૂં ત્યાં હરિ.
પગ મૂકું ત્યાં પુરૂષોત્તમ ઘર,એ ઘરમાં હું ઠરી.
હૈયાદૂબળી હું ને પાછી,મોઢે મોળી ખરી,
દીવો પ્રગટયો ત્યાં તો, ટવરક ટવરક વાતો કરી !
ઘંટી,પાણી,વાસીંદુ ને ચૂલો ઘરવખરી..
જયાં જયાં કામે લાગું ત્યાં ત્યાં મંદિર ને ઝાલરી !

પુષ્પા વ્યાસ

### પાથેય

- રમેશ ઠક્કર

## ટવરક ટવરક વાતો...

ઈશ્વર સર્વવ્યાપી છે.કવિયત્રી સરસ શબ્દોમાં બયાન કરે છે..એ જયાં નજર કરે છે ત્યાં એમને નારાયણ દેખાય છે..જયાં હાથ મૂકે ત્યાં હરિ અનુભવાય છે.જયાં પગ મૂકે એ જ પરમેશ્ર્વર ઘર..આટલી વાતો તો જાણે એક મુગ્ધાના ભાવ જેવી આપણને સ્પર્શી જાય એવી છે.એ પછીના જે શબ્દો છે એમાં એક સરસ એકરાર છે..સમર્પિત થવાનો અદ્ભુત ભાવ છે..એ કહે છે કે જયાં પગ મૂકતાં જ પરમેશ્ર્વર જેવું લાગે એ જ સાચો નિવાસ અને ત્યાં જ પોતે ઠરી એવું બયાન પણ કરે છે..કવિતાની આ કમાલ છે..નાનકડી શબ્દાવલિઓમાં જીવનસાર છલકાઈ જાય છે.

પોતાને હૈયાદુબળી ગણાવી જે ભાવ વ્યક્ત થાય છે એ એક પ્રાર્થના છે..દરેક મનુષ્યને રૂચિ અનુસાર વિવિધ આહાર જોઈએ છે એમ જ દરેકને માટે પોતે સમજી શકે એવા ભાવોને પ્રગટ કરતી પ્રાર્થનાની પણ જરૂરિયાત પડતી હોય છે...એટલે જ ગાંધીજી પ્રાર્થનાને "આધ્યાત્મિક આહાર " કહેતા..એની પસંદગી દરેકને અનુકૂળ હોય એ જરૂરી છે..સામુદાયિક જીવનમાં પ્રાર્થના એ પ્રેરકબળ બની જાય છે..ગાંધીજીએ આશ્રમોની સ્થાપના થકી સર્વધર્મ સમભાવના ખ્યાલ સાથે સમૂહપ્રાર્થનાને ફરજિયાત કરેલી.

ભજન, અરજ, સ્તુતિ, આચમન, સ્મરણ,આરતી, સ્તવન,કિર્તન,હરિનામ એ બધાં પ્રાર્થનાનાં વિવિધ સ્વરૂપો જ છે..પ્રાર્થના વહેલી સવારની હોય એમ જ સાયં પ્રાર્થના પણ હોય છે..પવિત્ર મનોભાવો એ નિર્મળ પ્રાર્થના માટેની ગંગોત્રી છે..એમાં શબ્દો મહત્વના નથી ભાવનું મહત્વ હોય છે..એક નિર્દોષ બાળક ભગવાન સમક્ષ આખી બારાખડી મુકી દે છે અને કહે છે કે "હે પ્રભુ તને કઇ રીતે વિનવવો એ મને આવડતું નથી એટલે આ બધા શબ્દો તારા ચરણોમાં મૂકું છું..એમાંથી તને ગમતા શબ્દો પસંદ કરી મારી અરજ સ્વીકાર કરી લેજે.." આ ઉત્કૃષ્ટ પ્રાર્થના ગણાય..શરણાગત ભાવ અને સંપૂર્ણ સ્વાર્પણ એ એના માટે પાયાની શરત છે..અને એ જગતપિતા સિવાય કોની સામે હોઈ શકે ?

પ્રાર્થના એ દિવ્યવાણી છે..કવિયત્રી એના માટે ટવરક ટવરક વાણી એવો નવીનતાપૂર્ણ શબ્દ પ્રયોજે છે..કેવો હોય છે ભકતનો સમર્પિત ભાવ ? જે રીતે કાચબો એની ઢાલ નીચે પોતાના શરીરને સંકોરી લે છે એમ જ ભકત પણ પોતાની ઈન્દ્રિયોને માયાથી મુકત કરી લે એ સ્થિતપ્રજ્ઞ હોવાનું એક લક્ષણ છે..એને માટે ઘર પરસાળ ઘંટી ચૂલો કે વાસીંદુ એ બધુંય જાણે એકાકાર થઇ જાય છે..કર્મ એ જ ભકિત..જયાં પણ કામમાં પરોવાય અને એમાં જે તદ્રુપતા અનુભવાય એ મંદિરની ઝાલરથી જરા પણ કમ નથી હોતું..એના માટે ઝાલરી શબ્દમાં જે માસુમિયત પ્રગટે છે એ અદભુત છે..

## તું જ છો જયોતિધામ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પરિવારથી દૂર રહે છે. પરંતુ માતા હીરાબા સાથેનો એમનો અનુબંધ અકબંધ રહ્યો છે. માતાને નવ્વાણું વર્ષ પૂરાં થયાં અને એમને સોમા વર્ષમાં પ્રવેશ કર્યો છે. કોઈ પણ કુટુંબ પોતાની વયોવૃદ્ધ માતા આ જૈફ વયે પણ શારીરિક અને માનસિક રીતે હીરાબાની જેમ સક્ષમ હોય તો એનો ગર્વ અનભવે. હીરાબા તો વડાપ્રધાનનાં જનેતા છે. શિવાજીનું હાલરડું તો બહું જાણીતું છે. પણ આજથી બોત્તેર વર્ષ પૂર્વે વડનગરની એ સાંકડી શેરીમાં માતા હીરાબાએ એમની કૂખે અવતરેલા નાનકડા બઆળકને હીંચોળતા ગાયેલું હાલરડું તો ફક્ત બે જ વ્યકતિઓ જાણે છે - એક હીરાબા પોતે અને બીજા નરેન્દ્રભાઈ. સાધારણ સ્થિતિના હિંદુ ઘાંચી સમાજમાં જન્મેલો એક બાળક આગળ જઈને ગુજરાતની અને પછી સમસ્ત રાષ્ટ્રની ધુરા સંભાળશે એવી તો કલ્પના જ કોને આવી હોય ? પરંતુ માતા હીરાબાને એટલો અણસાર જરૂર આવી ગયો હતો કે પોતાની કૂખે કોઈ વિભૂતિનું પ્રાગટ્ય થયું છે. પુત્રનાં લક્ષણ પારણામાં જ પરખાઈ જતાં હોય છે. હીરાબાએ શર્મિષ્ઠા તળાવમાંથી મગરનું બચ્ચું ઉપાડી લાવનાર પરાક્રમી પુત્રને ટોક્યો હતો. એ બચ્ચાને ફરી પાછું તળાવમાં છોડી આપવવાની આજ્ઞા કરી હતી અને તે આજ્ઞા પુત્રે પાળી પણ હતી. પરંતુ સત્તર વર્ષની કાચી વયે ગૃહત્યાગ કરી આધ્યાત્મિક પંથે પળનાર પુત્રની ઈચ્છાને માન આપી. દહીંના શુકન કરાવી વિદાય કરનારી માતાના મક્કમ મનોબળ

**તંત્રીસ્થાનેથી...**

અને પોતાના દૂધના સંસ્કારો પરથી શ્રદ્ધા હીરાબાના ચરિત્રને એક અદકેરી ઊંચાઈએ સ્થાપે છે. અભાવો વચ્ચે જીવવા ટેવાઈ ગયેલાં માતાને મુખ્યમંત્રી કે પ્રધાનમંત્રીના ભવ્ય આવાસમાં ઉત્તરાવસ્થા વિતાવવા કરતાં એક નાના રૂમમાં માળા કરતાં કરતાં ઈશ્વર સ્મરણ વાળી સાદી જિંદગી અનુકૂળ આવી ગઈ છે. વડાપ્રધાન પદે રહી વિશ્વકક્ષાના નેતા બનનાર નરેન્દ્રભાઈ પણ એમના વ્યસ્ત કાર્યક્રમો વચ્ચેથી સમય ફાળવીને પૂજ્ય હીરાબાનાં દર્શન કરી આશીર્વાદ લેવાનું ચૂકતાં નથી. શતાબ્દી વર્ષ પ્રવેશ વખતે વહેલી સવારે માતાના પગ પખાળીને આશીર્વાદ લેતા વડાપ્રધાનને જોવા એ કોઈ પણ ભારતીય નાગરિકને પોતાની સંસ્કૃતિનાં સ્નુસ્યૂત મૂલ્યોનું જ નિદર્શન લાગશે અને તે એનું ગૌરવ લેવા ઉપરાંત અનુકરણ કરવાનો પ્રયાસ કરશે. આદિ શંકરાચાર્યે પમ નરેન્દ્ર મોદીની જેમ જ માતાના બળજબરીપૂર્વક આશીર્વાદ મેળવીને ગૃહત્યાગ કરી સંન્યસ્ત ધારણ કર્યું હતું પરંતુ માતાએ વ્યક્ત કરેલી ઈચ્છા મુજબ તેઓ સંન્યાસ ધર્મમાં અપવાદ કરીને એની અંત્યેષ્ટિ ટાણે હાજર થઈ ગયા હતા. વડાપ્રધાને આ નિમિત્તે લખેલ બ્લોગ માતૃભક્તિનું અદકેરું ઊર્મિકાવ્ય છે. એનો એક એક શબ્દ માતાના વાત્સલ્યથી રસાયેલો છે અને પુત્ર ગમે તેટલો મહાન બની જાય તો પણ માતા માટે તો એ બાળક જ રહે છે એની પ્રતીતિ કરાવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના તથાકથિક કઠોર વ્યક્તિત્વની ભીતર કેવું મૃદુતાસભર માનવહૃદય ધબકે છે એનો આ બ્લોક પુરાવો છે. આપણા સુભાષિતકારે લોકોત્તર પુરુષનાં લક્ષણો વર્ણવતાં કહ્યું છે એમ વડાપ્રધાનનું ચિત્ત વજની કઠોર છતાં કુસુમની કોમળ છે. તેઓ પરિવારથી છેટા રહી એક તપસ્વીની જેમ રાષ્ટ્રદેવતાની આરાધના કરતા રહ્યા છે પરંતુ પોતાની તમામ સિદ્ધિઓના પાયામાં માતાપિતાના આશીર્વાદ પડેલા છે તે વાત તેઓ ભૂલ્યા નથી. હીરાબાના શતાબ્દી પ્રવેશ પ્રસંગે વડનગરવાસીઓ પણ ત્યાંનાં ઐતિહાસિક હાટકેશ્વર મંદિરમાં પૂજાપાઠ યોજી રહ્યા છે અને જગન્નાથ (જગદીશ) મંદિરમાં ભંડારો યોજાયો છે. આ એક કેવી શુકનિયાળ માતા કે જેણે પોતે કશા પણ અંગત સુખની અપેક્ષા વગર સાદું સીધું તપસ્વિની જેવું જીવન ગાળી દેશના ચરણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી જેવો મહાનાયક ધરી દઈ કૃતાર્થતા અનુભવી ! હીરાબા સાથે જ માતૃશક્તિનું અદ્ભૂત અને અવિસ્મરણીય પ્રતીક છે. માતૃવત્સલ હીરાબા ઘણું જીવો !

## આ કઠિન કામ છે, જોઈએ તમે શું કરી શકો છો...

**આરપાર**
**રાઘવજી માધડ**



આજે ફાધર્સ ડે છે, એવું કેલેન્ડરમાં લખ્યું છે. બાકી તો આપણા માટે દરેક દિવસ અતિ મહત્વનો છે. જે આશાની એક અણમોલ ભેટ સાથે ઊગે છે અને સારા-માઠા અનુભવનો અસબાબ આપીને આથમે છે. પણ જયારે ‘ફાધર્સ ડે’ આજે નિમિત બન્યું છે ત્યારે, અમેરિકાના મહાન પ્રમુખ અબ્રાહમ લિંકન એક પિતા તરીકે તેમના પુત્રના શિક્ષકને જે પત્ર પાઠવે છે તે કશીય ટીકા-ટિપ્પણ વગર અહીં પ્રસ્તુત કરવો છે - આજથી લગભગ દોઢ સો - પોણા બસ્સો વર્ષ પહેલાં લખાયેલો આ પત્ર છે છતાંય આટલાં વર્ષો બાદ પણ એટલો જ પ્રસ્તુત ને પ્રાસંગિક છે.

માનનીય શિક્ષકશ્રી, આજે મારા પુત્રનો શાળામાં પહેલો દિવસ છે. થોડા સમય માટે તો એને બધું નવું અને અજાણ્યું લાગશે. હું ઈચ્છું કે તમે તેના પ્રત્યે મૃદુતા દાખવશો. આ એક એવું સાહસ છે જે તેને ખંડો ઓળંગાવી શકે. એ બધાં સાહસોમાં યુદ્ધો, દુર્ઘટનાઓ અને હતાશાઓનો સમાવેશ થઈ જાય છે. તેને તેનું જીવન જીવવા માટે શ્રદ્ધા, પ્રેમ અને હિંમતની જરૂર પડતી રહેવાની. એટલે, મારા વહાલા શિક્ષક, તમે એનો હાથ ઝાલીને એને એ બધું શીખવજો જે એણે શીખવાનું હોયપપણ બની શકેતો એને એ બધું ધીરજથી શીખવજો. એને શીખવજો કે દરેક દુશ્મન સામે એક મિત્ર હોય છે. તેણે એ જાણવું પડશે કે બધા માણસો સાચા અને ન્યાયી નથી હોતા. પરંતુ સાથેસાથે એને એ પણ જણાવજો કે દરેક કુટિલ માણસની સામે એક આદર્શવાદી વ્યક્તિ હોય જ છે, અને દરેક સ્વાર્થી રાજકારણીની સામે એક સમર્પિત નેતા હોય જ છે.સમય લાગશે એની મને જાણ છે, છતાં જો સમજાવી શકો તો બાળકને સમજાવજો કે ક્યાંકથી મળેલા પાંચ રૂપિયા કરતાં પોતે કમાયેલા એક રૂપિયાની કિંમત ઘણી વધુ હોય છે. એને હાર સ્વીકારવાનું શીખવજો અને જીતને માણવાનું પણ શીખવજો. શક્ય હોય તો એને ઈર્ષ્યાના વમળમાંથી બહાર ખેંચજો. એને મૌન હાસ્યનું રહસ્ય સમજાવજો. વહેલી તકે એને શીખવજો કે ક્રૂર અને ઘાતકી લોકોને જીતવા સૌથી સરળ છે. જો કરાવી શકોતો તેને પુસ્તકોની અદભુત દુનિયાનાં દર્શન કરાવજો,પણ સાથેસાથે આકાશમાં ઊડતાં પંખીઓ, સૂર્યપ્રકાશમાં ગીત ગાતી મધમાખીઓ અને ડુંગરના હરિયાળા ઢોળાવ ઉપર ઊગતાં ફૂલોનાં સના તન રહસ્ય વિષે વિચારવાની નિરાંત પણ આપજો. શાળામાં એને શીખવજો કે છેતરપિંડી કરવા કરતાં નિષ્ફળ જવું વધુ ગૌરવભર્યું છે.ભલે બધાના મત પ્રમાણે ખોટા હોઈએ, છતાં પોતાના વિચારોમાં શ્રદ્ધા રાખવાનું એને શીખવજો. નમ્ર લોકો સાથે નમ્ર અને સખત લોકો સાથે સખત બનવાનું એને શીખવજો. વાયરા સાથે જ્યારે બધા બદલાઈ જાય ત્યારે ટોળાશાહીમાં ભળી જવાને બદલે પોતાના માર્ગે ચાલવાનું બળ મારા બાળકને આપવાનો પ્રયત્ન કરજો. દરેકને સાંભળવાનું એને શીખવજો, પણ સાથેસાથે સત્યની ચાળણીમાંથી બધું ચાળીને પછી જે સારું હોય તેને જ સ્વીકારવાનું પણ શીખવજો. એની પ્રતિભા અને આવડતની ઊંચામાં ઊંચી કિંમત મળે એના પ્રયાસ કરવાનું એને શીખવજો, પણ એને એ પણ શીખવજો કે પોતાનાં હૃદય અને આત્માને વેચવા ન કાઢે.શક્ય હોય તો એ ઉદાસ હોય ત્યારે એને હસવાનું શીખવજો. એને શીખવજો કે રડવામાં કોઈ શરમ નથી. માનવતામાં જેને શ્રદ્ધા ન હોય તેને વખોડી નાંખવાનું અને અતિ નમ્રતા/વખાણથી સાવચેત રહેવાનું એને શીખવજો.એની સાથેનું વર્તન મૃદુ/કોમળ રાખજો,પણ એને લાડમાં જકડી ન રાખતા, કારણ કે અગ્નિમાં તપીને જ સોનું નીખરે છેપશુદ્ધ બનેછે. અધીર થવાની હિંમત અને ધીરજ ધરવાની સહનશીલતા એને કેળવવા દેજો. પોતાનામાં પરમ/દિવ્ય/ઉચ્ચત્મ વિશ્વાસ રાખવાનું એને કાયમ શીખવજો, જેથી માનવજાતમાં અને ઈશ્વરમાં પણ તે એવો જ વિશ્વાસ રાખતો થાય. આ ઘણું કઠિન કામ છે. જોઈએ તમે શું કરી શકો છો.... મારું બાળક એક સુંદર, નાનું વ્યક્તિત્વ છે.

**છેલ્લે :**

ભણતર, ચણતર, જડતર, નડતર... વધ્યું પણ ખરું ઘડતર ઘટ્યું !

### દિન મહિમા

- વિશ્વ સિકલ સેલ દિન - આંતરરાષ્ટ્રીય (સિકલસેલ એનીમિયા રોગ એક આનુવંશિક રક્ત વિકાર છે.)
- હરગોવિંદ ની જન્મ જયંતિ, છઠ્ઠા શીખ ગુરુ
- પી. ખરસાણીની જન્મ જયંતિ, ગુજરાતી ચલચિત્ર અભિનેતા અને રંગભૂમિ કલાકાર
- રાહુલ ગાંધી જન્મ દિવસ, ભારતીય રાજકારણી

### આજનું ઔષધ

- ગળો અને સૂંઠ પાવડરને સૂંઘવાથી હેડકી બંધ થાય છે

### ખડખડાટ

- રેલવે સ્ટેશન :
પત્ની અરે, તરસ લાગી છે કમ કે કમ પાણી તો લાવી આપો.
કંજૂસ પતિ : તૂ કહે તો સમોસા અને ગુલાબજાંબુ પણ લઈ આઉં.
પત્ની : અરે તમે તો કેટલા સારા છો, આ સાંભળીને તો મારા મોં પાણી આવી ગયું.
કંજૂસ પતિ : બસ, તો હવે આ જ પાણીથી તારી તરસ છિપાવી લે....

### આજનું વોટ્સએપ

- ઉપરવાળાએ બધાને અલગ બનાવ્યા છે , એટલે બીજા કોઈ જેવા બનીને પોતાની વાસ્તવિકતા અને પ્રતિભા વ્યર્થ ના કરો..!!

## ચંદ્રંભદ્રનું લઘુપ્રવચન

**હમજ્યા મારા ભૈ !**
**ભાગ્યેશ જહા**



કળિયુગમાં ભાષણ નામના ભીષણ વાયરસથી મોટાભાગની પ્રજા અજ્ઞાન છે એના લીધે સારા ખોટાં ભાષણો ઘણા બધા લોકો જાગી જાગીને સાંભળે છે. આ વાયરસ અતિસૂક્ષ્મ હોવાથી એ મનુષ્યના મસ્તિષ્કમાં પ્રવેશ પામે છે, અને અચાનક જ સારો લાગતો માણસ ભાષણશુરો થઈ જાય છે, પછી એ રાત કે દિવસમાં, મરણ કે પરણમાં, સભા કે સ્નાનગૃહમાં, મંદિર કે મધુશાલામાં આ વાયરસથી સંક્રમિત થવાથી ભાષણ આપે છે.

અમને એક વિદ્વાન અધ્યાપક મિત્રની ખબર છે, ઉંચાઈમાં નેપોલિયન જેવડા હોવાથી એમને મહત્વાકાંક્ષામાં એક નાની લાયબ્રેરીના મંત્રી બનવાની જ હતી પણ એમને આ વાયરસનો એટેક આવેલો, તેના લીધે કુતિયાણા પાસેના એક નાનકડા ગામમાં સાવ નિર્દોષ લાગતા શ્રોતાઓ પણ ઉભા થઈને ચાલતા થઈ ગયેલા તો પણ એ પોણો કલાક બોલેલા. આ સફળતાથી વાયરસે અધ્યાપકના શરીરમાં પોતાની સ્થિતિ મજબુત કરી દીધી હતી.

આ વાયરસની સીધી અસર તમારા ચેતાતંત્ર પર પડે છે અને તેના કારણે વક્તામાં શ્રોતાઓ પ્રત્યે ખુબ જ અસરકારક અસંવેદનશીલતા વિકસતી હોય છે, કર્ણવિવરમાં પ્રવેશતા શબ્દોનું અંદર-બહારનું પડ બોગનવેલની માફક બહેરું થઈ જાય છે. આ બોગનવેલની બહેરાશનું એક રીસર્ચ તાજેતરમાં સાંભળવા મળ્યું છે જેને આધારે એવું કહેવાય છે કે આ વેલની નજાકત અને રંગ જેવા છે તેવી તેને પામી શકે એવી માનસિક ક્ષમતા એમનામાં નથી, એટલે સાદી ભાષામાં કહીએ તો એ જેટલા સારા અને રુપાળા લાગે છે તેટલું તેમનું મગજ કે માનસિકતા સુંદર નથી.

( અમારા વિનુકાકા કહે છે આવા બોગનવેલિયા માણસો તમે કહો એટલા હું માત્ર ગાંધીનગર અને અમદાવાદમાંથી શોધી આપું.)પરિણામે એ કશું સાંભળી શકતા નથી અને સાંભળે તો સમજી શકતા નથી. આવા લક્ષણો ધરાવતા વેલ પ્રકારના મનુષ્યોને શોધવામાં આવી રહ્યા છે. એમાંની એક ટીમ ગાંધીનગરમાં આવી છે અને કેટલાક વિસ્તારોની ’સર્ચ’ કરી રહી છે. જો કે જાણકારોએ પોતે જાણે બારમાનું ગણિતનું પેપર ફોડતા હોય એવી અદાથી કહ્યું હતું કે ’આવા વેલ પ્રકારના ’વેલીડા’ મનુષ્યો પુષ્કળ પ્રમાણમાં ગાંધીનગર અને બીજા રાજ્યોના પાટનગરમાં મળી આવ્યાં છે.

ચંદ્રંભદ્ર જ્યાં ઉતર્યા છે ગાંધીનગરના સેક્ટર-૩૨માં આવા લોકોની એક વસાહત મળી આવી છે. આવા ભુભાગમાં એમના સરકારી અધિકારીને શોભે એવી મનોદશાને સાચવીને રહેતા નિરંજન મહેતાને ઘેર બેહજારબાવીશને શોભાવે એવા ગપ્પામાર્તંડ ભાષાભૂપતિ ચંદ્રંભદ્ર એમની કોપામુદ્રા પત્ની લોપામુદ્રા સાથે ઉતર્યા છે. આનાથી આ વિસ્તારના અનેક લોકોમાં આશ્ચર્ય અને જિજ્ઞાસા જન્મી છે. સામાન્યરીતે સામાન્યજ્ઞાનથી લથબથ યુવાન જ્યારે સ્પર્ધાત્મક પરીક્ષા પાસ કરીને સરકારી અધિકારી તરીકે પસંદગી પામે છે તે પછી એ એની જિજ્ઞાસાને કેટલી હદે જીવતી રાખવી એ પોતે નક્કી કરી શકતો નથી. પણ એની ઑફિસના એવરેજ કર્મભોગી મહાજનો દ્વારા પ્રદર્શિત થતા અજ્ઞાનસૂચકાંક પર આધારિત હોય છે. નિરંજન મહેતા એની થાકેલી ભાષા અને જીઆર પ્રમાણે સચવાયેલા ઉત્સાહથી ચંદ્રંભદ્રના ઓરડામાં પ્રવેશ્યા.

’આવો, ભાઈ નિરંજન ! ગાંધીનગરની ગરમી કોઈપણ કારણ વગર અસહ્યતાને આંબી રહી છે, એનું શું કારણ ?’ નિરંજન આવો અનૈસર્ગિક પ્રશ્ન સાંભળી મુંઝાયો, ’મહાશયા ! અમારે ત્યાં એક બંબારામ જ્યોતિષી જેમ કહે તેમ વાદળો ચાલે છે અને સૂર્ય એની ગતિ બદલે છે..કોઈ વ્યક્તિ આટલી બધી પ્રભુસત્તા ભોગવે એ સારું નહીં એવા ઈર્ષ્યાભાવથી એકવાર આ બંબારામની ધરપકડ કરવામાં આવેલી. પણ ક્લાયમેટચેન્જ નામના રાક્ષસના અતિભયંકર પ્રભાવને કારણે પૃથ્વીવાસીઓ આ પ્રકારની ગરમી અનુભવતા હોવા જોઈએ. ક્લાયમેટ-ચેન્જ અને મનુષ્યની અસહાયતા જેવા ભાવો હવામાં ઉભરાતા જોઈ ચંદ્રંભદ્રનો ચહેરો લાલ થઈ ગયો. કોઈ નેતા ચુંટણીમાં હાર્યા હોય ત્યારે એમના અગત્યના સાથીદારો સાથે બેઠા હોય અને હિસાબમાં ભારે રકમનો હિસાબ ના મળતો હોય ત્યારે ક્રોધ અને અસહાયતાના ભાવ સાથે ગુસ્સો અભિવ્યક્ત કરવા માટે તત્પર મુખમંડલ પર જે ભાવ જાગે તેવા કશાક ભાવ સાથે ચંદ્રંભદ્ર ધુંઆપુંઆ નજરે નિરંજન તરફ જોઈ રહ્યા. નિરંજન પોતાના અતિથિની આંખોમાં જે અ-સરકારી ગુસ્સો જોઈ રહ્યો હતો તે જોઈ ’સરન્ડર’ થતાં બોલી ઉઠ્યો. "મહાશય ! શાંતં પાપં .....પણ આ જગત તમારા જેવા ત્રિકાલજ્ઞાની સ્વનામધન્યને પુછતા નથી એ કારણે ભારે અનર્થ સર્જાયો છે. માત્ર ક્લાયમેટ ચેન્જ જ નહીં જીવનમાં દેખાતા દરેક પ્રકારના ચેન્જને કારણે નાના મોટા હાહાકારો સર્જાયા છે.મને મારી અલ્પ બુધ્ધિ પરથી એવું લાગે છે કે આપની ઉપસ્થિતિથી અમારા નગરે જે ધન્યતા અનુભવવી જોઈએ એ અનુભવી નથી. જો તમે અનુમતિ આપો તો તમારું એક લઘુપ્રવચન ગોઠવીએ.. જેમાં મારા સરકારી અધિકારી તરીકે સેવાઓ આપી રહેલા તથા નિવૃત્ત થયેલા કેટલાક આવા અધિકારીઓને તમારા જ્ઞાનનો લાભ મળે.. આ પૃથ્વી પર તમારા જેવા પરોપકારી જીવ કેટલા હશે જે પોતાની વાણીથી આ વાયુમણ્ડલને આંદોલિત કરી શકે.. તો આપણે તમારું એક લઘુપ્રવચન ગોઠવીએ, જેથી અહીં ગુજરાતી ગિરા પણ ધન્યતા અનુભવી શકે.." નિરંજને પોતાના અતિથિના સન્માનમાં એમની જ ભાષામાં ’લઘુપ્રવચન’ની દરખાસ્ત કરી. એને ખબર હતી કે ચંદ્રંભદ્રને પ્રવચન કે લાંબુ વ્યાખ્યાન આપવાનું ના કહી શકાય...એમાં જીવદયાના ઘણા ગંભીર પ્રશ્નો ઉદભવવાની શંકા હોવાથી લઘુપ્રવચનની દરખાસ્ત કરી જેનો ચંદ્રંભદ્રએ ક્ષણના પણ વિલંબ વિના સ્વીકાર કર્યો... દિવસ નક્કી થયો, ચંદ્રંભદ્ર નગરના એક નાના હૉલમાં આવવાના હતા તેનો ખ્યાલ આવતાં ઘણા લોકો બહારગામ ચાલ્યા ગયા હોવા છતાં ઘણા ભોળા લોકો, ઘણા લાંબી સરકારી નોંકરીના અનુભવને કારણે ગમે-તે-સાંભળી શકવાની શક્તિ ધરાવતા, ઘણા પત્ની સાથે રવિવારની સવાર ગાળવી એના કરતાં જે કંઈ મળે એ કાનમાં નાંખવાના મુડથી આવવા લાગ્યા.

ચંદ્રંભદ્ર પોતાની ધોતી ઉપર એક મેંલો ના હોવા છતાં મેંલો લાગે એવો ઝભ્ભો પહેરી પ્રવેશ્યા. શ્રોતાઓને આવા હોલમાં ’લઘુપ્રવચન’ માટે આ વક્તા પ્રગટ થશે એવો ખ્યાલ નહોતો. પણ લાંબા સરકારી અનુભવોમાં મીટીંગ જેને રેલી કે સભા કે ગોષ્ઠી ના કહી શકાય ત્યાં અનેક વિષયો પર, વિષયને બિલકુલ બેવફા હોય એવા પ્રવચનો સાંભળેલા અહિંસક શ્રોતાઓ ચંદ્રંભદ્રના દેખાવથી જ મંત્રકુધ્ધતા અનુભવ્યા સિવાય સ્ટેજ તરફ મોં કરીને બેઠા. એમના ચહેરા પર સરકસના રીંગ-માસ્ટરની રાહ જોતા પ્રાણીઓમાં હોય એવો અજંપો નહોતો પણ કોઈ દુરના બસસ્ટેન્ડ પર આવેલી ખખડધજ બસ ચાલશે કે નહીં એ અંગે શ્રધ્ધાભંગથી પીડાતા પેસેંજરોનો ભાવ હતો.

ચંદ્રંભદ્રે સવાબે કલાક પ્રસ્તાવના બાંધવામાં કરી ત્યારે બે શ્રોતાઓને એમ્બ્યુલન્સમાં હૉસ્પિટલ ખસેડેલા. પણ ધન્ય છે ચંદ્રંભદ્રની ધીરતાને કે અવિચલિત રહીને એમણે એમનો વાણીપ્રવાહ કોઈ અવવારું કુવાને કિનારે આવેલા પંચાયતના નળમાંથી પાણીપ્રવાહ વહે એમ વહાવ્યો. નિરંજન પોતે અર્ધબેહોશ અવસ્થામાં વિચારી રહ્યો હતો કે આવા ભાષણ-વાયરસ વિશે આપણા બંબારામ કેમ કશી આગાહી નથી કરતા ?

## ઉનકે હોને સે બખ્ત હોતે હૈ, બાપ ઘર કે દરખ્ત હોતે હૈ...!

**રઝળપાટ**
**અજય ઉપાધ્યાય**



‘હું મારા પિતા પાસેથી ઘણું શીખ્યો છું. જેમકે, તેમનો ગુસ્સો, ખંત અને તેમની માફ કરી દેવાની આદત. આ વાત હું તેઓ અમારી વચ્ચે ન રહ્યા પછી સમજ્યો. અમારા વચ્ચે હૂંફાળા સંબંધ નહોતા. ભૂલ મારી જ હતી. કિશોરાવસ્થાથી યુવાની સુધીમાં મેં જે ભુલો કરી તે કોઈથી છુપું નથી. આની મોટી કિંમત મારા પિતાએ પણ ચૂકવી છે. તેઓ વધુ સમય નહોતા આપી શકતા. એવું નહોતું કે તેમને મારા માટે પ્રેમ નહોતો.’ આ શબ્દો છે કુખ્યાત-પ્રખ્યાત સંજયદત્તના અને વાત થઈ રહી છે એના પિતા સુનિલદત્ત વિષે. સંજુબાબાના આ શબ્દો ઘણું કહી જાય છે. ચાર-પાંચ વાક્યોમાં પિતાની આખી ગાથા આમાં છે. અને અગત્યનું છે આ શબ્દો ‘ આ વાત હું તેઓ અમારી વચ્ચે ન રહ્યા પછી સમજ્યો ‘..!! જી હા , બાપ.. પિતા.. ફાધર ની મહત્તા.. એની અગત્યતા અને એની ગેરહાજરી તો એ હયાત ના હોય ત્યારે જ સમજાય. ક્યારેક કોઈ વાતમાં પાડેલી ના.. જિદના પગલે પડેલા લાફા કે પછી આપેલી કોઈ કડવી સલાહનું ભાન જો સમયસર થઈ જાય તો સારું કહેવાય નહિતર એ સાચી સલાહ અને એના આપનાર બાપને યાદ કરીને આંખો ભીની કરવા સીવાય કાઈ કરી શકીએ નહીં..!!

‘ઘર જા કે ચુપકે સે બચ્ચો કો ખિલાયા હોગા, ઉનકો કયા માલુમ કી કિસ હાલ મી કમાયા હોગા ‘..!!! ‘એ તો તુ બાપ બનીશ ત્યારે ખબર પડશે ‘જેવુ વાક્ય જો યુવાનીના દિવસોમાં એક કાનેથી બીજા કાને કાઢી નાખ્યું હોય તો સમજજો કે એવો દિવસ પણ ચોક્કસ આવવાનો જ કે તમને થઈ જાય કે મારો બાપ કેવી રીતે આ બધુ પૂરું કરતો હતો ? પછી ચાહે એ વાત આર્થિક હોય.. સામાજિક હોય કે પછી સાંસારિક હોય પણ સંતાનના જીવનમાં એવા અનેકો પ્રસંગ આવવાના કે બાપની યાદ આવ્યા વગર રહે નહીં. અને યાદ રહે આમાં દુખના પ્રસંગ જ નહીં પણ સુખના પ્રસંગોનો પણ સમાવેશ કરવો જ રહ્યો અને એટલે જ કોઈએ સાચું જ કહ્યું છે કે ‘એક બાપને સમજવો હોય તો એના માટે બાપ બનો પછી જ સમજાય ‘..!! જી હા , બાપના બલિદાનો.. બાપની આશાઓ.. બાપની મહેનત અને બાપના સપનાઓ તો બાપ થાવ પછી જ સમજાય. કોઈએ સાચું જ કહ્યું છે કે પિતાનો સંતાનો.. કુટુંબની નિષ્ફળતાનો ડર અને એના આંસુ હમેશા અદ્રશ્ય જ હોય છે. એ તમને દેખાય નહીં જ. બહારથી તો એક બાપ હમેશા હસતો.. પોતાના સંતાનોની માંગણીઓ પૂરી કરતો અને કુટુંબને બહેતર બનાવતો જ નજરે પાડવાનો પણ અંદરથી એ માંગણીઓ પૂરી કરવામાં....કુટુંબને સલામતી અને સધ્ધરતા આપવામાં પડતી મહેનતના આંસુઓ કોઈને જોવા નથી મળતા. બીકોઝ.. સંતાન, કુટુંબ, પરિવારની સલામતી અને સધ્ધરતા એ જ તો એનું કર્તવ્ય છે અને એ પણ કોઈની વાહવાહ કે થેંક્યુંની અપેક્ષા રાખ્યા..!!

‘હમે પઢાઓ ના રિશ્તો કી કોઈ ઔર કિતાબ , પઢી હૈ બાપ કે ચહેરેકી ઝૂરીયા હમને ‘ !!! જિંદગી એક પ્રશ્નપેપર છે.. એક એવી પરીક્ષા છે કે જેમાં ક્યારે કેટલો અઘરો સવાલ પૂછાઈ જાઈ એનું કઈ નક્કી નહીં. એવા અઘરા પ્રશ્નોની તૈયારી માટે અપેક્ષિતની.. ગાઈડની જરૂર પડે , અને એ ગાઈડ છે પપ્પા.. પિતા..!!! જી હા , કહેવાય છે ને કે ‘ વડ તેવા ટેટા અને બાપ તેવા બેટા ‘ પણ આમ બાપ જેવા બેટા એટલા માટે પણ છે કે બાપની જિંદગી.. એની જિંદગીની કશમકશ અને એણે ગોઠવેલા માળખામાં કોઈ દીકરાને ફિટ થવાનું આવે અને એને કોઈ મુશ્કેલી પડે તો બાપ હાજર છે. સદેહે હાજર ના હોય તો એના સિધ્ધાંતો.. એની મહેનત અને એના કિસ્સાઓ સંતાનને માળખાના આડા અવળા થઈ ગયેલા પાસાઓને ગોઠવવામાં કામ લાગવાના જ. જિંદગીના ઘણા બધા એવા વળાંકો આવવાના કે જ્યાં તમને ને મને એમ ચોક્કસ થાય કે ‘ મારા બાપે મને ટોકેલો કે રોકેલો તે સારું હતું નહિતર આજે આ પરિસ્થિતિ આકરી આવી હોત ‘ અને એનું કારણ પણ છે કે દરેક બાપ એમ ઈચ્છતો હોય છે કે એણે કરેલી ભૂલો એનું સંતાન દોહરાવે નહીં..!!! કેમ કે એને ભૂલના પરિણામોની ખબર હોય છે અને કદાચ એના જીવનમાં ના થયું હોય તો પણ સમાજમાં આંખ ઉઘાડી રાખીને ફરતો બાપ સંતાનને ભૂલો કરતાં રોકે જ.. ચેતવે જ અને જરૂર પડે તો ધમકાવે પણ..!

‘ઉનકે હોને સે બખ્ત હોતે હૈ , બાપ ઘર કે દરખ્ત હોતે હૈ ‘..! માતાની લાગણી.. પ્રેમ અને માતૃત્વ વિષે જેટલું કહીએ.. લખીએ એટલું ઓછું છે પણ વ્હોટ એબાઉટ પિતૃત્વ ? પિતા વિષે ઘરમાં પણ ઓછું બોલાતું હોય છે તો સાહિત્યમાં કે સમાજની તો વાત જ કયા કરવી..?! પણ પોતાની પૂરી તાકાતથી અને જરૂર પડ્યે લિમિટ બહાર જઈને પણ સંતાનોની.. કુટુંબની.. પરિવારની સલામતી અને સમૃધ્ધિ માટે આકાશ-પાતાળ એક કરવું એ જ છે પિતાનું પિતૃત્વ ,,!!! આ પિતૃત્વની કોઈ ટેગલાઈન બનાવવાની હોય ને તો એ આવી હોય શકે ‘સુખ વિથ સુરક્ષા એટલે પિતા ‘..!! મા ને વ્હાલ, લાગણી , પ્રેમ વરસાવામાં ખુશી મળે એમ પિતાને ખુશી મળે જરૂરીયાતો પૂરી પાડવામાં.. પ્રગતિનો રાહ દેખાડવામાં..!!! તમે કોઈપણ ગરીબ બાપ લઈ લો કે અમીર બાપ લઈ લો.. અંતે તો આ બંને છેડાના બાપનું લક્ષ્ય તો એક જ હોવાનું – સુખ અને સુરક્ષા આપવી..!!! એના દિમાગમાં કુટુંબની ઈચ્છાઓનું એડવાંન્સ પ્લાનિંગ ચાલતું હોય છે.. જ્યારે આખું કુટુંબ વેકેશન એન્જોય કરતું હોય છે ત્યારે એને ખબર હોય છે કે ઉઘડતા વેકેશને કેટલી ફી.. કેટલો ખર્ચ શિક્ષણમાં થવાનો છે..તહેવારોના બે મહિના અગાઉ એને નવા કપડાના ખર્ચનો અંદાજ તો આવી જ જતો હોય છે.. દીકરીના કે દીકરાના પ્રસંગની તૈયારી તો એ બચ્ચાવ જુવાન થાય એ પહેલા જ શરૂ કરી દેતો હોય છે અને આના માટે ભલે ને એને નોકરી હોય તો ઓવરટાઈમ અને ધંધો હોય તો ઓવરવર્ક કરવું પડે.. એ કરશે જ....!

‘ઘર કી ઈસ બાર મુક્કમલ મૈ તલાશી લુંગા , ગમ છુપા કર મેરે મા-બાપ કહા રખતે થે ‘..!!! લગભગ દરેક કુટુંબમાં એમ હોય કે દીકરી બાપની વધુ લાડકી હોય છે. દરેક બાપ સમજે છે કે દીકરી તો પારકી થાપણ છે , એક દિવસ ઘર છોડીને જતી રહેવાની અને એટલે જ મોટાભાગે બાપની કઠોર અને શિસ્તની ચાબુકો દીકરાને ભાગે વધુ આવે છે કેમકે દરેક પિતાને ખબર છે કે આને સમાજમાં વધુ જવાનું છે.. આગળ ઉપર આને જ કુટુંબને આગળ વધારવાનું છે અને પોતાના અધૂરા કાર્યો પણ આણે જ પૂરા કરવાના છે અને પોતાના અનુભવે બાપ સમાજમાં શું મુશ્કેલીઓ આવશે એનો ખ્યાલ વધુ રાખતો હોય છે. એટલે જ પિતા ચેતવે , રોકે , અટકાવે અને ધમકાવે પણ...!! પણ એ ધમકી કે ધાકમાં એક જ આશય હોય કે સંતાન મુશ્કેલીમાં ના મુકાય જાય...!!!! પિતા સારું અને ખરાબને અલગ તારવતાએટલે માટે શીખવે છે કે જેને આધારે સંતાન આગળ પિતાની ગેરહાજરીમાં એ દુનિયા અને દુનિયાદારીની પરીક્ષાઓ પાસ કરી શકે. પણ થાય છે શું કે બાપની આ શુભ ભાવનાનો દીકરો મોટાભાગે અવળો અર્થ કાઢતો હોય છે. ‘ મને બહુ ટોકતાં ‘ કે ‘ મને આ કરવા ના દીધું ‘ જેવી ફરિયાદો વચ્ચે બાપ-દીકરા વચ્ચે અંતર રહી જતું હોવા છતાં પણ પિતાના એ નિર્ણયો સાચા હતા કે પોતા માટે સારા હતા એવું દીકરાને સમજાય ત્યારે ઘણીવાર મોડું થઈ જતું હોય છે. વાત દીકરા કે દીકરી કરતાં પિતાના પગલે ચાલવામાં થયેલી ચૂકની વધુ હોય છે. અને એટલે જ એ વાત પણ એટલી જ સાચી છે કે ૧૦૦ સંતાનો ભેગા મળીને પણ એક પિતાનું ઋણ ચૂકવી શકતા નથી. ને આમ પણ પિતા કયા કોઈ દિવસ ‘ થેંક યુ ‘ ની અપેક્ષા પણ રાખતો હોય છે પણ હા એટલું ખરું કે નિવૃત કે ઘડપણમાં આવેલા પિતાની દરકાર રાખવી.. એમની ઓછી કહી શકાય એવી જરૂરીયાતો પૂરી પાડવી અને ખાસ તો દિવસમાં એકવાર તો એમની પાસે શાંતિથી બેસીને એમની વાતો સાંભળવી એ જ કદાચ જીંદગીભર મૌન રહીને.. ઢંઢેરો પીટ્યા વગર.. પોતાની અનેકો આશાઓ દફનાવીને એમણે તમારા ઘડતર અને સફળતા માટે આપેલ બલિદાનોનું થોડુંઘણું ઋણ ચુકવ્યા સમાન ગણાશે..!!!!

(akurjt@gmail.com)